# કેપીટીએલ સ્ટાફ પરિવારનાં બાળકોનો યાદગાર સ્ટેજ શો




ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં સ્થિત કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ ખાતે સ્ટાફ પરિવારનાં બાળકો માટે એક ટેલેન્ટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જીઆઈડીસીમાં સ્થિત ગેઝીયા હોલ ખાતે આ ભવ્ય શો યોજવામાં આવ્યો હતો. કલ્પતરૂના અધિકારી કમલ જૈન, એમ એ બારૈયા, પ્રવીણ કુમાર, મહેન્દ્ર પટેલ દ્વારા કાર્યક્રમને દીપ પ્રાગટ્યના માધ્યમથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સ્વાગત પ્રવચન સાત્વિક ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાઈવ ઑરકેસ્ટ્રા સાથે વિવિધ ૨૨ પ્રસ્તુતિ થઈ હતી, જેમાં પાંચથી ચૌદ વર્ષ સુધીનાં બાળકોએ પરફોર્મ કર્યું હતું. કોર્પોરેટ સ્ટાઈલમાં આયોજિત આ કાર્યક્રમનું માહિતીસભર સંચાલન સંજય થોરાત અને પ્રાચી શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગણેશ વંદના, ડાન્સ, કિબોર્ડ-પિયાનો વાદન, કવિતા અને ગીતોની પ્રસ્તુતિ થઈ હતી. આ કાર્યક્રમમાં વિપીન વાર્ષ્ણેય, મહેન્દ્ર વૈદ્ય અને પ્રતિભા નાયરે મહાગુરુ તરીકે સેવાઓ આપી હતી. બાળ કલાકારોમાં ચિરાગ વાર્ષ્ણેય, પૃથા ભાવસાર, અનન્યા થોરાત, હેતી વ્યાસ, નમ્ર મણિયાર, નવ્યા દવે, પરિશિ શાહ, શ્રેયા પિલ્લાઈ, શૌર્ય પ્રજાપતિ, નિત્યા નાયર, પ્રથમેશ-દેવેશ દવે, શ્રીજા ત્રિવેદી, આર્ચી ચૌધરી, મિસરી પ્રજાપતિ, શ્રીકેત ત્રિવેદી, પ્રખર પ્રથમે સુંદર રજૂઆત કરી હતી. સંગીત સંચાલન નિલેશ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઘુમર ગીતનું નૃત્ય સૌને મોહી ગયું હતું. આ સુંદર કાર્યક્રમની રૂપરેખા અને તૈયારી ભૂમિકા શર્મા, ઉત્કર્ષ ત્રિવેદીની હતી જ્યારે નિકુંજ શુક્લ, કંદર્પ ભટ્ટ, સંજય નાયી વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. ટૂંક સમયમાં તૈયાર કરાયેલો આ કાર્યક્રમ બાળકોનાં 'છોટા પૅકેટ બડા ધમાકા' જેવો યાદગાર બની રહ્યો હતો.

## જન્મદિને વધામણી



કે ડી રોહિત
મો. ૯૦૧૮૬ ૭૬૮૫૫



મીનાક્ષી જયસિંઘાની
લાયોનેસ કલબ



અશ્વિનકુમાર માણેકલાલ વ્યાસ
ફોન : ૨૩૨૨૬૦૯૮



તુષારકુમાર મુળજીભાઈ
મો. ૯૮૨૪૧ ૬૪૦૦૩

# ગુજરાત સ્થાપના દિવસે રાજ્યના ૬૦ શ્રેષ્ઠીઓને 'ગુજરાત ગૌરવ રત્ન અવોર્ડ' આપવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાત રાજ્યના ૬૦ શ્રેષ્ઠીઓને 'ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ' રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે બિહાર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ ડો. જે. એન. ભટ્ટ તથા દ્વારકેશલાલજી મહારાજના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામના વતની આહીર સમાજનું ગૌરવ નારણભાઈ કરંગીયા છેલ્લા પચાસ વર્ષોથી રાષ્ટ્રીય પક્ષી મોરની નિઃસ્વાર્થ સેવા કરવા માટે પ્રસિધ્ધિ મેળવી ચુક્યા છે. ગયા વર્ષે પણ તેમને ગુજરાત રાજ્યના રાજયપાલ ઓ પી કોહલીના વરદ હસ્તે 'ગ્લોરી ઓફ ગુજરાત' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે તેમની સાથે તેમના સહયોગી અને તેમનું કોમ્યુનિકેશન સંભળતા સરકારી કોલેજ તાલાલાના પ્રિન્સિપાલ ડેનિશ ડી. લાડાણી, રોબર્ટ ભાઈ હાજર રહ્યા હતા અને તેમના સન્માનને બિરદાવવા ડો. આદિત્ય વિરમગામા અને મહેશ નંદાણીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જેતલપુરધામમાં સંસ્કૃત સાધકોનો જમાવડો



ગાંધીનગર, તા. ૨૦

દેવભાષા સંસ્કૃતને જીવનભાષા બનાવવા માટે સંસ્કૃતભારતી નામનું સંગઠન ૧૯૮૧થી કાર્યરત છે. જે સંસ્કૃતભાષાને ફરીથી જનભાષા બનાવવા માટે કૃત સંકલ્પિત છે. ઉનાળાની રજાઓની યોગ્ય યોજના કરીને ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ૧૦૦ વધુ પ્રશિક્ષાર્થીઓ, પ્રબંધકો અને શિક્ષકો જેતલપુરધામમાં સંસ્કૃત સાધના માટે એકત્ર થયા છે. આ ગુર્જર-પ્રાંતના ભાષા બોધન વર્ગમાં સંસ્કૃતભાષા સંભાષણ શીખવવામાં આવશે.

આ આવાસીય શિબિર ૧૮ થી ૨૮મી મે ૨૦૧૯ એમ કુલ દશ દિવસ સુધી ચાલશે. આ શિબિરમાં દૈનંદિન વહેલી સવારના ૫:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી અવિરત ભાષા શિક્ષણની વિવિધ પ્રવૃતિઓ દ્વારા સંસ્કૃત સંભાષણ કૌશલનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

આ આવાસીય શિબિરનો ઉદ્ઘાટન સમારોહ તારીખ ૧૯મી મે ને રવિવારે સવારે ૧૦:૦૦ વાગે શ્રી સ્વામિનારાયણ મંદિર પરિસરમાં ફુલવાડી પવિત્ર સ્થાને યોજાયો હતો. આ વર્ગના મુખ્ય ઉદ્ઘાટક શ્રી વિષ્ણુસ્વામી સંપ્રદાયના અનુવર્તી કરંજી શ્રી વિશાલ કુમારજી (પુરુષોત્તમ રાયજી) લાલજીએ ઉપસ્થિત રહીને પ્રસંગોચિત પ્રેરણાદાયી અમૃત વચનો કહ્યાં હતાં. ઉદ્ઘાટન કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સ્વામિનારાયણ મંદિરના સ્વામી શ્રી ભક્તિ સ્વામીશ્રી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્કૃતભારતીના ગુર્જર પ્રાંતના અધ્યક્ષ ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજીનું ઉદ્ઘાટકીય પ્રવચન રહ્યું હતું. વર્ગના વર્ગાધિકારી ડૉ. મયૂરીબેન ભાટિયાએ વર્ગની પ્રાસ્તાવિક ભૂમિકા પ્રસ્તુત કરી હતી. આવેલાં અતિથિઓનું સ્વાગત પરિચય કાર્ય સંસ્કૃતભારતીના વિદ્વદ્ પરિષદના અધ્યક્ષ વાચસ્પતિ મિશ્રાએ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ગના મુખ્ય શિક્ષક રાજેશભાઈ મહેતાએ કર્યું હતું. આધુનિક યુગમાં પણ આપણા પ્રાચીન સંસ્કારોના સંવર્ધનનું કાર્ય ચાલી રહ્યું છે. જરૂર આવી ઘટનાઓ જનમાનસને સકારાત્મક ઊર્જા પુરી પાડશે એમાં શંકાને સ્થાન નથી.

# ગાંધીજીનો વિનોદ

॥ ૩૪મો મણકો ॥

### ૯૦ - સિંહનો નાદ અને ગાયનું રુદન

સેવાગ્રામમાં ગોશાળાનું એક મકાન બાંધવામાં આવ્યું હતું. ત્યાંની ગાયો બીજે લઈ જવાની અને ત્યાં નઈ તાલીમ સંગ તરફથી એક છાત્રાલય ચલાવવાની વિચારણા ચાલતી હતી, તેથી ડૉ. ઝાકિરહુસેન અને આર્યનાયકમ્જી એ મકાન જોવા ગયા અને એ મકાનની ગાંધીજી સમક્ષ માગણી કરી.

150 ગાંધીયાત્રા

બળવંતસિંહજી ગોશાળાના સંચાલક હતા. તેમને એ ન ગમ્યું. તેથી તેમણે પોતાનો રોષ અને દર્દ ઠાલવતાં ગાંધીજીને લખ્યું, ઝાકિરહુસેન અને આર્યનાયકમ્જી આપના પ્રિય સેવકો છે. તેઓ પોતાની જરૂરિયાત આપને સમજાવી શકે છે, કેમ કે ભગવાને તેમને વાચા આપી છે. પણ ગાય તો મૂંગું પ્રાણી છે; પોતાનાં સુખદુખની બાબતમાં ।પને કશું જ કહી શકતી નથી. હું મને ગાયોનો પ્રતિનિધિ માનું છું. આપ જો મારો દાવો કબૂલ કરતા હો તો હું કહું છું કે ગાય અહીંથી ખસવા નથી ઈચ્છતી.

ગાંધીજીએ તેમને લખ્યું, સિંહનો નાદ અને ગાયનું રૂદન બંને સાંભળ્યાં. હવે ગાય જ્યાં છે ત્યાં રહેશે.

ગાંધીજીએ ગાયની ગાયની વાણી સાંભળી અને બળવંતસિંહનો રોષ વિનોદ કરી ઉતારી દીધો.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# આજે શહેરમાં "સ્નેહના સગપણ" નાટક




ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલા (ડૅની)ની સ્મૃતિમાં પ્રતિવર્ષ ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ કલબ (જી ઈ કલબ) દ્વારા યોજાતા કાર્યક્રમોમાં આ વખતે સામાજિક નાટકનું આયોજન કરવામાં આવ્યું છે.

કલબનાં સૅક્રેટરી પ્રતિક્ષા નિમાવતે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે સંસ્થા દ્વારા પ્રતિવર્ષ સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલાની સ્મૃતિમાં મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમો જાહેર જનતા માટે નિઃશુલ્કપણે યોજાતા હોય છે અને તેનો એકમાત્ર હેતુ આ ગરવા કલાકારને એમની જ અદામાં સ્નેહાંજલી અર્પણ કરવાનો હોય છે.

આ વખતે પિનાકીન વાઘેલા સ્મૃતિ કાર્યક્રમ અંતર્ગત નવીન સિંગલ લિખિત અને શિવમ મેવાડા દિગ્દર્શિત સામાજિક નાટક 'સ્નેહના સગપણ'નું આયોજન કરવામાં આવ્યું છે. ઍસઍસવી કૅમ્પસ, સૅક્ટર-૩ના ઑડિટોરિયમ ખાતે તા. ૨૧ મે ને મંગળવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે આ નાટક યોજવામાં આવશે. ટૅમ્પલ કેરિયર ઈન્સ્ટીટ્યુટ નિર્મિત અને નિશિથ નાયક પ્રસ્તુત આ નાટકમાં અક્ષય પટેલ, નિશિથ નાયક, અનુષ્કા દીધે, શિવમ મેવાડા, હેલી પંચાલ, અમર કુબાવત, ખુશી સોની અને આશા સાધુ અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. નેપથ્યની જવાબદારી ઉજ્જવલ દ્વારા સંભાળવામાં આવી છે. વૅકેશનના માહોલને યાદગાર બનાવવા અને મનોરંજનની સોગાદ સાથે નગરના સ્વર્ગસ્થ કલાકારને અંજલી અર્પવા આ કાર્યક્રમનો લાભ લેવા સૌ નાટ્યરસિકોને સંસ્થા તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જીટીયુ ઍન્જિનીયરિંગ સ્કૂલના વિદ્યાર્થીઓ તેલ અવીવ યુનિવર્સિટી દ્વારા પસંદગી પામ્યા



## વિદ્યાર્થીઓ સાયબર સિક્યોરીટી - પોલીસીને લાગતો અભ્યાસ કરશે

ગાંધીનગર, તા. ૨૦

ઈઝરાઈલની વિશ્વવિખ્યાત તેલ અવીવ યુનિવર્સિટીએ જીટીયુ ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલૉજીના એમ.ઈ. (સેમ-૨) સાયબર સિક્યુરિટીમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓ - અમન બારોટ, યામિની સાવલિયા, સુનિત ચૌધરી તથા સૃષ્ટી મહેતાની વરણી સાયબર સિક્યોરીટીના કોર્સ માટે કરી છે. આ વિદ્યાર્થીઓ સાયબર સિક્યોરીટી તથા સાયબર પોલીસીને લાગતો અભ્યાસ કરશે. તદુપરાંત, તેલ અવીવ યુનિવર્સિટી ખાતે દર વર્ષે યોજાતા મહત્વના પ્રોગ્રામ સાયબર વીક-૨૦૧૯માં પણ ભાગ લેશે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી હંમેશા વિદ્યાર્થીઓની ક્ષમતા, પાત્રતા અને આવડત વધારવા માટે કટિબદ્ધ છે. તેથી વિદ્યાર્થીઓ જીટીયુ - ઈન્ટરનેશનલ એક્સિપરિઅન્સ પ્રોગ્રામ અંતર્ગત સ્પોન્સરશિપ મેળવશે. જીટીયુ-જીસેટના વિદ્યાર્થીઓ માટે સાયબર સિક્યોરીટીના ક્ષેત્રમાં વૈશ્વિક નિષ્ણાતો સાથેના મજબૂત સંબંધ ભવિષ્યમાં લાભકર્તા નીવડશે એ નિશ્ચિત છે.

# ભારતીય વિદ્યા ભવનમાં શાનદાર 'કોન્ફલુઅન્સ'




ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન "કોન્ફલુઅન્સ" શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું. ભારતીય શાસ્ત્રીય શૈલીના વિવિધ સ્વરૂપો ગાયન, વાદન અને નૃત્ય સાથે મળીને આ કાર્યક્રમમાં સુર અને તાલનું અદભૂત તાદાત્મ્ય સાધવામાં આવ્યું હતું. એક જ તખ્તા ઉપર મૃદંગ, તબલા, ઢોલક, સારંગી, સંતુર, શાસ્ત્રીય ગાયન અને કથક નૃત્યનો સમન્વય સાધીને એક અનોખી રજૂઆત થઈ હતી. "કોન્ફલુઅન્સ"માં દિનેશ કુમાર શેક – મૃદંગ, રાકેશ વાણી- ઢોલક, અનુજ અંજારિયા- સંતુર, વનરાજ શાસ્ત્રી – સારંગી, અનિકેત ખાંડેકર- ગાયન, કદમ પરીખ- કથ્થક અને સપન અંજારિયા- તબલા પર હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને ખ્યાલ સપન અંજારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. રવિવારે રાત્રે ભવન્સ જે. એ. હોલમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક હતો અને ખૂબ જ મોટી સંખ્યામાં પ્રેક્ષકોની હાજરી જોવા મળી હતી. કાર્યક્રમના અંતે તમામ કલાકારોને સ્ટૅન્ડિંગ ઓવેશન આપવામાં આવ્યું હતું.